# IIT-Gn ખાતે યોજાયો સંજીવની હેલ્થ મેળો

સિટી રિપોર્ટર @ahm_cb

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી (આઈઆઈટી) ગાંધીનગરના પાલજ કેમ્પસ ખાતે સ્ટુડન્ટ્સ દ્વારા 'સંજીવની' હેલ્થ મેળાનું આયોજન કર્યુ હતુ. આઈઆઈટી કેમ્પસની આજુબાજુના ગામડાઓના બાળકો અને વયોવૃદ્ધ લોકો માટે યોજાયેલા આ 'હેલ્થ મેળા'માં સ્ટુડન્ટ્સે બાળકોને ફીટનેસ અને હેલ્થ



માટેના ઘરેલુ નુશખા જણાવ્યા હતા. હેલ્થ મેળામાં પાલજ, બાસન, અલમપુર જેવા ગામડાઓના બાળકોના ડેન્ટલ ચેકઅપ, બોડી ચેકઅપ કરવામા આવ્યુ હતુ. હેલ્થ ચેકઅપની સાથે ગામડાઓના જોવા મળતા રોગો અને હાલમાં દેખા દીધેલા બર્ડ ફ્લૂ વિશે માહિતી આપવામા આવી હતી. 25 જેટલા ડૉક્ટરની ટીમ દ્વારા બાળકોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. અહીં બાળકો માટે ફન એક્ટિવિટીનું આયોજન પણ કરાયુ હતુ.જેમાં બાળકોને વિવિધ પઝલ્સ ગેમ્સ રમી હતી.